**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૨ ટકા

# પુલવામાની પ્રથમ વરસીએ શહીદોને શ્રધ્ધાંજલિ

## યુવા વિદ્યાર્થીઓએ શહીદ જવાનોના માનમાં વેલેન્ટાઈન ડે ઉજવવાનું ટાળ્યું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૨૮માં આજે સમર્પણ કોલેજના કમ્પાઉડમાં 'ભારત માતા કી જય', 'શહીદો અમર રહો', 'જય જવાન-જય કિસાન' અને 'આતંકવાદ મુર્દાબાદ' જેવા સુત્રો ગુંજી ઉઠયા હતા. આજે ૧૪મી ફેબ્રુઆરીએ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર થયેલા ઘાતકી આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૫થી વધુ વીર શહીદ જવાનોને સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓએ આજે વેલેન્ટાઈનસ ડેની ઉજવણી કરવાનું ટાળ્યું હતું.

આજથી એક વર્ષ પૂર્વે બનેલી એ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. પુલવામા આતંકી હુમલાની વરસી પ્રસંગે સમર્પણ આર્ટસ કોલેજના



વિદ્યાર્થીઓ દ્વારા કાળા વસ્ત્રો પરિધાન કરી શહીદ જવાનોની શહીદી પ્રત્યે શોક વ્યકત કર્યો હતો. યુવા વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી નહીં કરવાનો નિર્ધાર કરાયો હતો અને શહીદોના માનમાં બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ રાષ્ટ્ર ભકિતના વિવિધ સુત્રો પોકારી આતંકવાદ પ્રત્યે રોષ વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત ગાઈને કરવામાં આવ્યો હતો.

### એ ઘાતકી ઘટના ભુલી શકાય એવી નથી!!



'આજના દિવસે બરાબર એક વર્ષ પહેલા બનેલી એ ઘટનાને આપણે કેવી રીતે ભૂલી શકીએ? અમે જવાનોની શહાદત એળે નહી જવા દઈએ. દેશના વીર જવાનોને કારણે આપણે સુખ-શાંતિથી રહી શકીએ છીએ અને વિવિધ ઉત્સવો તથા વેલેન્ટાઈન ડે વગેરે જેવા ડેઝ ઉજવી શકીએ છીએ. અમે આ વર્ષે વેલેન્ટાઈન્સ ડે નહીં ઉજવવાનું નક્કી કર્યું છે અને આજે કાળા કપડાં પહેરી આતંકવાદ પ્રત્યે વિરોધ વ્યકત કરવા સાથે મૌન પાળી શહીદ જવાનોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.'

- ધવલ દવે



પૂજન ફાઉન્ડેશન દ્વારા વેલેન્ટાઈન્સ ડેની અલગ રીતે ઉજવણી કરવામાં આવી હતી. ફાઉન્ડેશનના પ્રજ્ઞા રૂપેશ ગજ્જર અને મીત ગજ્જર દ્વારા સે-૨ સરકારી શાળાના બાળકો માટે ફ્રી ડેન્ટલ ચેક અપ યોજવામાં આવ્યો હતો તથા ડેન્ટલ ચેક અપ માટે શહેરના ડૉ. શ્વેતા ગોસ્વામી હાજર રહ્યા હતા. શાળાના બાળકોને ફાઉન્ડેશન વતી ટૂથ કીટ આપવા સાથે ફૂડ ડીસ્ટ્રીબ્યુશન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં મુદ્રા પટેલ, જયોતિબેન ઠકકર, મધુબેન, જીયા, અશોક શાળાના પ્રિન્સિપાલ મિનાક્ષીબેન જોષી તથા સ્ટાફ મિત્રોએ ખાસ સેવા પુરી પાડી હતી.

### હાઈટેકમાં દાંતના સ્વાસ્થ્ય વિષે માર્ગદર્શન લેકચર યોજાયું

ગાંધીનગર, તા.૧૪

હાઈટેક હોસ્પિટલમાં દાંતના સ્વાસ્થ્ય વિષે હોસ્પિટલના દાંત વિભાગના ડૉ. વિશ્વેશ પી. જોષી દ્વારા પૌલમી એમ. પરમારના માર્ગદર્શન લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના સ્ટાફ અને દર્દીઓએ લેકચરનો લાભ લીધો હતો. આ ઉપરાંત આવનાર સમગ્ર મહિના માટે દાંત વિભાગ દ્વારા ફ્રી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. જેનો લાભ લેવા ડૉ. વિશ્વેશ જોષી દ્વારા જણાવાયું છે.



શહેરના સે-૧૫ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે એ.બી.વી.પી.ના કાર્યકરો દ્વારા પુલવામાં આતંકી હુમલામાં શહીદ થયેલા દેશના વીર જવાનોને શ્રધ્ધાંજલી અર્પિત કરવામાં આવી હતી.

### છાલામાં સોમવારે આયુર્વેદ-હોમિયોપેથી નિઃશુલ્ક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૪

જિલ્લા પંચાયત ગાંધીનગરની આયુર્વેદ શાખા દ્વારા આયુર્વેદ હોમિયોપેથીના વધુ પ્રચાર-પ્રસાર અર્થે તા. ૧૭મી ફેબ્રુઆરીના રોજ મેગા નિઃશુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજેલ છે.

આ કેમ્પ સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલા ખાતે ૧૭મી ફેબ્રુઆરીએ સવારે નવ થી ૧ વાગ્યા દરમિયાન યોજાશે. આયુર્વેદ વિશ્વનું સૌથી પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે. જેમાં શરીરના રોગો, બાળકોના રોગો, મંત્ર ચિકિત્સા, ગ્રહ દોષ ચિકિત્સા, શરીર ઉપરના રોગો, શાલાકય શલ્પ તંત્રથી સચોટ-નિર્દોષ સારવાર પધ્ધતિ છે. અત્યારે ઉકાળા એ અકસીર ઈલાજ છે. અગ્નિકર્મ, જાલંધર બંધ જેવી પધ્ધતિઓ લાભકારક છે.

# સિવિલની મુલાકાતે એનએબીએચની ટીમ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર જનરલ હોસ્પિટલ ખાતે આજરોજ એનએબીએચની



પ્રાથમિક ચકાસણી માટે રાજયકક્ષાના બે ડોકટરની ટીમ આવી પહોંચી હતી. એનએબીએચના પ્રાથમિક તબક્કાના ચેકલીસ્ટ પ્રમાણે આ બે પ્રતિનિધીઓ દ્વારા ઓપીડી બિલ્ડીંગ, ઈન્ડોર બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ, રેડીયોલોજી વિભાગ સહિતના વિભાગની મુલાકાત લીધી હતી. પ્રતિનિધીઓએ મુલાકાત સમયે સ્ટાફ તેમજ વોર્ડમાં દર્દી અને તેમના સગાની પણ પુછપરછ કરી હતી. દવાના સ્ટોકની ઝીણવટભરી તપાસ કરી હતી, તેમજ હોસ્પિટલના તમામ કાગળો અને લાઈસન્સ પણ માંગવામાં આવ્યા હતા અને તેનો બારીકાઈથી અભ્યાસ કર્યો હતો. સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફટી અને આપાતકાલીન વખતે ડિઝાસ્ટર પ્લાન પણ નિહાળવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં એનએબીએચની ટીમને લઈ સવારથી જ ધમધમાટ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ એનએબીએચ માટે આવેલી ટીમે મેડીકલ કોલેજ ખાતે તમામ વિભાગના એચઓડી સાથે બેઠક યોજી હતી અને જરુરી સુચનો કર્યા હતા.તેઓએ જણાવ્યું હતું કે દર્દીના કેસ પેપરમાં જે ડોકટરને બતાવવાનું હોય તેનુ નામ અવશ્ય લખવુ જોઈએ અને કેસ પેપરમાં ડોકટર દર્દીને ચકાસીને જે સારવાર લખે તેની નીચે ડોકટરે સહી કરવી જોઈએ. એનએબીએચના સ્ટાન્ડર્ડ મુજબ તેઓએ ચકાસણી કરી હતી. આ બંન્ને નિષ્ણાંત તબીબોએ ચેકલીસ્ટ પ્રમાણે ફાયર સેફટી સહિતની કુલ ૩૦ થી ૩૫ જેટલી ત્રુટીઓ કાઢી હતી.

જે ત્રુટીઓ હવે સિવિલના તંત્ર દ્વારા સુધારીને તેનો અહેવાલ મોકલી આપવામાં આવશે. જયારે ટીમના સભ્યો સવારથી તાત્કાલીક વિભાગ, ઓપરેશન થિયેટર, રેડીયોલોજી વિભાગ, ગાયનેક વિભાગ, સર્જરી વિભાગ, ઓર્થોપેડીક વોર્ડ, ઓપીડી બિલ્ડીંગ , દવાનો સ્ટોર સહિત પાણી કયાંથી આવે છે તે સહિતની ચકાસણી કરી હતી.જયારે હોસ્પિટલમાં ટીમને લઈ તમામ અધિકારી-કર્મચારીઓ ડ્રેસકોડમાં જોવા મળ્યા હતા.

### પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૭મો સમૂહ લગ્નોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૧૪

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામ ખાતે યોજાનાર ૨૭માં સમૂહ લગ્નોત્સવમાં ૨૨ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા. આ પ્રસંગને સફળ બનાવવા સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિ, મંત્રી જગદીશભાઈ પ્રજાપતિ, સર્વે પૂર્વ પ્રમુખ અને ઉપપ્રમુખ, મહિલા કન્વીનર રંજનાબેન પ્રજાપતિ તથા સમાજની સર્વે મહિલાઓ, સ્વામી વિવેકાનંદ યુવા મંચ અને બ્રહ્માણી ગૌરવ ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિનાક્ષીબેન ગુર્જર તથા મહિલા પાંખ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ધણપ આંગણવાડીમાંથી ગેસ સિલિન્ડર-તેલના ડબ્બાની ચોરી

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા ધણપ ગામે આવેલી આંગણવાડી નં-૩ ખાતે ચોરીની ઘટના બનવા પામી છે. ગામમાં રહેતા આંગણવાડી કાર્યકર બીનાબેન દવે ને સવારના સુમારે તેમના પર આંગણવાડીનું તાળુ તુટેલું હોવાનો ફોન આવ્યો હતો.જેથી તેઓએ ત્યાં પહોંચીને તપાસ કરતા એક ગેસ સિલિન્ડર અને ૧૫ લીટરના બે સીંગતેલના ડબ્બાની ચોરી થવા પામી છે. આંગણવાડી કાર્યકર બીનાબેનની ફરીયાદના આધારે ચિલોડા પોલીસે રૂ.૪૬૦૦ ની મત્તાની ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'ઊર્જા-ઉત્સવ ૨૦૨૦' ઉજવાયો











ગાંધીનગર, તા.૧૪

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ઊર્જાનો વધુ પડતો વપરાશ થવા સાથે બેફામ વ્યય પણ થઈ રહ્યો છે. ઊર્જા કટોકટીના યુગમાં નાગરિકો ઊર્જા બચત તથા તેની અગત્યતા અંગે સભાનતા અને જાગૃતિ કેળવે તે અત્યંત જરૂરી બન્યું છે કેમ કે ઊર્જાનો વ્યય પર્યાવરણ માટે જોખમી છે. ગાંધીનગરના સેકટર-૧૨માં મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે આ બાબતોને અનુલક્ષીને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૨મી ફેબ્રુઆરીના રોજ 'ઉત્સવ ૨૦૨૦' ઉજવવામાં આવ્યો હતો જેમાં ગાંધીનગર જિલ્લાની ૯૦ જેટલી શાળાઓમાં પણ ઊર્જા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ઊર્જા ઉત્સવમાં પસંદ કરાયેલી ૬૦ જેટલી શાળાઓનો સંયુકત 'ઊર્જા-ઉત્સવ ૨૦૨૦' મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે યોજાયો હતો. જે પ્રસંગે મહેમાનપદે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી-જેડાના ખાસ ફરજ પરના અધિકારી સી.આર. પાટીલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્ય ડૉ. આઈ.બી. પટેલ, મહાત્મા ગાંધી વિદ્યામંદિરના સંયોજક નટુભાઈ લાડાણી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર, નિવૃત્ત મામલતદાર નટુભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઊર્જા-ઉત્સવ ૨૦૨૦માં વિદ્યાર્થીઓ માટે કવીઝ, ચિત્ર સ્પર્ધા, ફિલ્મ શૉ, રેલી તથા પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉર્જા બચત અંગે જાગૃતિ ફેલાવતા સુત્રો પોકાર્યા હતા. સ્પર્ધાઓના વિજેતાઓને શિલ્ડ અને પ્રમાણપત્રોથી નવાજયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કો ઓર્ડીનેટર્સ હાર્દિક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

**ઊર્જા ચિત્ર સ્પર્ધાના વિજેતાઓ**

(૧) પાયલ જાંગીડ-આર.જી. પટેલ કન્યા શાળા સે-૨૩ (૨) તૃષા પરમાર-આદર્શ નિવાસી શાળા સે-૮ (૩) જયોતિ જાદવ-આર.એન. પટેલ પ્રા. શાળા સે-૨૩

● ઊર્જા કવીઝ સ્પર્ધાના વિજેતાઓ ●

(૧) પ્રાચી પ્રજાપતિ અને જશોદા ઠાકોર-ભટ્ટ એચ.વી.સી. ભગીની વિદ્યાલય નારદીપુર (૨) ઈશિકા પરમાર અને મેઘના વણકર-આદર્શ નિવાસી શાળા સે-૮ (૩) મહોમ્મદ શેખ અને રાહુલ રાઠોડ-એમ.બી. પટેલ હાઈસ્કૂલ સે-૨૩

**ઊર્જા રમત-સંગીત ખુરશીના વિજેતા**

(૧) પ્રિન્સ પરમાર-આર.એન. પટેલ પ્રા. શાળા સે-૨૩ (૨) મનાંક પંચાલ-આર.સી. પટેલ સે-૨૩ (૩) અનિલ બિહોલા-નાથીબા પટેલ વિદ્યાલય-ચડાસણા

**ઊર્જા રમત - મને જાણો ના વિજેતા**

(૧)રાજવીરસિંહ ચાવડા-બી.આર. મહેતા વિદ્યાલય-નારદીપુર (૨) સોહમ ઠાકોર-સરકારી પ્રા. શાળા સે-૧૬ (૩) મિતોષ પરમાર-પીંડારડા પ્રા. શાળા, પીંડારડા

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૫, ૧.૦૫, ૨.૦૫, ૩.૧૦, ૪.૧૦, ૬.૧૫, ૭.૧૫, ૯.૨૦, ૧૦.૨૦
**મલંગ**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૧.૦૦
**સ્ટ્રીટ ડાન્સર**
૧.૦૦
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૧૦.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
**મલંગ**
૩.૩૦, ૯.૩૦
**તાન્હાજી**
૬.૩૦
**શિકારા**
૧૨.૪૫
**સ્ટ્રીટ ડાન્સર**
૧૨.૩૦
**અફરા તફરી (ગુજરાતી)**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૯.૪૫

### સિધ્ધિ વિનાયક મંદિરનો દ્વિતિય પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

સિધ્ધિ વિનાયક મંદિરનો દ્વિતિય પાટોત્સવ તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ સે-૨૧ સ્થિત મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે યોજાશે. આ દિવસે સવારે ૯ થી ૬ વાગ્યા સુધી ગણેશયાગ અને સાંજે ૭ વાગ્યે ગણેશજીની મહાઆરતી તથા મહાપ્રસાદ યોજાશે. મહારાષ્ટ્ર સમાજના ખજાનચી સંદીપ એસ. પાંગે દ્વારા શહેરીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### શહેરમાં દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એસોસીએશન ફોર સોશીયલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટ દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ યોજાશે. સે-૧૬ સ્થિત રંગમંચ ખાતે યોજાનાર સમૂહ લગ્નમાં આઠ દિવ્યાંગ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. આ દિવસે સવારે ૮ વાગ્યે ગણેશ સ્થાપન અને મંડપમુહુર્ત ૯ વાગ્યે, ગ્રહશાંતિ, હસ્તમેળાપ બપોરે ૧૧ વાગ્યે અને કન્યા વિદાય બપોરે ૩ વાગ્યે યોજાનાર છે. લગ્નોત્સવમાં શહેરના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

### કરવેરો રદ કરવા માટે પંચવટી પાર્ક સે-૨૩ની અપીલ

મહાનગરપાલિકામાં કમિશનર ગાંધીનગર દ્વારા ડ્રાફટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરના રહેવાસીઓ ઉપર મિલકત તથા સફાઈ વેરામાં ૫૦ ટકા કરતા વધુ વેરો સૂચવવામાં આવ્યો છે. જે અંગે શહેરના સે-૨૩ પંચવટી પાર્કના પ્રમુખ મહેન્દ્રભાઈ પી. પટેલ, સાંકાભાઈ જે. પટેલ, કલ્યાણીબેન જે. પટેલ, રોનક પટેલ સાથે સર્વે રહેવાસીઓ દ્વારા આ વધારો પરત ખેંચવા તથા જરૂરી કાર્યવાહી કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. પરમાર લક્ષ્મીબેન રામજીભાઈ, ઉ.વ. ૭૧
- સ્વ. કિરણકુમાર ભીખાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૩૮
- સ્વ. કાન્તાબેન ગાંડાજી સોલંકી, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ હેમલતાબેન વિષ્ણુભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. વાઘેલા મનોજભાઈ આત્મારામ, ઉ.વ. ૪૯
- સ્વ. પંડીતરાવ બાબુરાવ ગુલવે, ઉ.વ. ૮૨